

હિપેટાઇટિસB વાઇરસ (Hepatitis B Virus, HBV) સામે રક્ષણ મેળવવા માટે રસી લો

મોટાભાગની આરોગ્ય સંભાળ યોજનાઓ ભલામણ કરેલ રસીઓને આવરી લે છે. તમારા વીમા યોજના અથવા આરોગ્ય સંભાળ પ્રદાતા સાથે તપાસ કરો. તમે 317 ભંડોળ પૂરું પાડતા પુખ્ત પ્રોગ્રામ (317 funded adult program) માટે લાયક બની શકો છો. વધુ માહિતી માટે, 317 પ્રદાતા શોધ સાધન માટે નીચેના QR કોડને સ્કેન કરો.

વધુ માહિતી માટે

ન્યૂ જર્સી આરોગ્ય વિભાગ
(New Jersey Department of Health)
nj.gov/health/vaccines
bit.ly/4drSuKb

સ્થાનિકઆરોગ્યવિભાગ
(Local Health Department)
localhealth.nj.gov

ફેડરલ ક્વોલિફાઇડ હેલ્થ સેન્ટર
(Federally Qualified Health Center)
bit.ly/4tcesW9

હિપેટાઇટિસ B ફાઉન્ડેશન
(Hepatitis B Foundation)
hepb.org

317 પ્રદાતા શોધ સાધન
(Provider Search Tool)
bit.ly/4ncUoSh

સોશિયલ મીડિયા પર અમને ફોલો કરો
@NJDeptofHealth:
Facebook, Instagram, Threads, X,
LinkedIn, અને YouTube

New Jersey Department of Health
Communicable Disease Service
Vaccine Preventable Disease Program
PO Box 369
Trenton, NJ
609-826-4861

NJHealth
New Jersey Department of Health

મારા જીવનસાથીએ મને કહ્યું કે તેમને હિપેટાઇટિસ B છે...

આનો અર્થ શું છે?



હિપેટાઇટિસB (HBV) શું છે?

- HBV એ લીવર (યકૃત)નો વાઇરસ છે. તે ટૂંકા અથવા લાંબા ગાળાની બીમારી હોઈ શકે છે. અવારનવાર તેના કોઈ લક્ષણો હોતા નથી. જો લક્ષણો હોય, તો તમને થાક લાગી શકે છે, બીમારી અનુભવાઈ શકે છે અથવા ત્વચા કે આંખો પીળી થઈ શકે છે.
- મોટાભાગના લોકો સાજા થઈ જાય છે, પરંતુ કેટલાક લોકોને લાંબા ગાળાનું ઇન્ફેક્શન થાય છે જે લીવરને નુકસાન પહોંચાડી શકે છે અથવા કેન્સરનું કારણ બની શકે છે.



અંગત વસ્તુઓ

શેર કરશો નહીં!

તેકેવીરીતેફેલાયછે?

HBV ચેપગ્રસ્ત લોહી અને શરીરના પ્રવાહી દ્વારા ફેલાય છે. આમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- અસુરક્ષિત શારીરિક સંબંધ બાંધવાથી
- અંગત વસ્તુઓ શેર કરવાથી (જેમ કે રેઝર, ટૂથબ્રશ, ગ્લુકોઝ મીટર)

ચેપગ્રસ્ત વ્યક્તિ જન્મ સમયે તેના બાળકને આ વાઇરસ ફેલાવી શકે છે.

તે ખોરાક, પાણી, ઉધરસ, છીંક અથવા આલિંગન અથવા ચુંબન જેવા કેઝ્યુઅલ સંપર્ક દ્વારા ફેલાતું નથી.

હું મારું રક્ષણ કેવી રીતે કરી શકું?

રસી મેળવો! હિપેટાઇટિસ B રસીની શ્રેણી આમના માટે ભલામણ કરેલ છે:

- જન્મથી 18 સુધીના તમામ બાળકો
- 19–59 વર્ષની વયના પુખ્ત વયના લોકો
- 60 કે તેથી વધુ વયના પુખ્ત વયના લોકો કે જેઓ વધુ જોખમમાં છે અથવા રક્ષણ મેળવવા માંગે છે



> “મારા પાર્ટનરનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો તે પહેલાં હું હિપેટાઇટિસ B વિશે વધુ જાણતો/જાણતી નહતી
>
> હવે હું મને અને મારા પરિવારને આ વાઇરસથી બચાવવાના ઉપાયો જાણું છું.”

- તમને HBV છે કે નહીં તે જોવા માટે ટેસ્ટ કરાવો અને જો ન હોય તો રસી મુકાવો.
- સુરક્ષા માટે કોન્ડોમ અથવા અન્ય લેટેક્સ બેરિયર સાથે શારીરિક સંબંધ બાંધો.
- અંગત વસ્તુઓ શેર ન કરો.
- જો તમને લાગે કે તમારાથી કોઈ ચેપગ્રસ્ત થઈ ગયું છે (દા.ત. સોય વાગવાથી, લોહીના સંપર્કથી), તો તાત્કાલિક તબીબી સારવાર લો.